## જન્મદિને વધામણી


શૈલેષભાઈ ભોઈ
(પૂર્વ પ્રમુખ : નગરપાલિકા, મોડાસા)
(સંગઠન મહામંત્રી : અરવલ્લી જિલ્લા ભાજપ)
મોડાસા, જિ.અરવલ્લી


ડૉ.રમેશભાઈ પટેલ
રોઝડ, તા.તલોદ


જયેશકુમાર જી. ગાંધી
(ડિરેક્ટર : મોડાસા નાગરિક બેન્ક)
મોડાસા, જિ.અરવલ્લી


મુકેશભાઈ પંડ્યા
(નિવૃત્ત કર્મચારી : એ.પી.એમ.સી., બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


વિજયભાઈ એલ. પટેલ
(બિલ્ડર) બાયડ (ડેમાઈ)


રોનક એ. ચૌધરી
કઠવાડા, તા.તલોદ


ભાવિન ગુણવંતભાઈ બ્રહ્મભટ્ટ
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


નિમેષ એન. ભાટીયા
(બાયડ એસ.ટી. ડેપો)
બાયડ, જિ.અરવલ્લી

# ઉત્તર ગુજરાતમાં ૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ, કોરોનામાં મૃત્યુ પામેલા શિક્ષકોની વિગતો મંગાવાઈ

### નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે પરંતુ વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવા બાબતે અવઢવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોનાના કારણે ધો.૧૦માં માસ પ્રમોશન અને ધો.૧૨ બોર્ડ પરીક્ષાના આયોજન બાબતે અવઢવ વચ્ચે તા.૭ જૂનથી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે. ધો.૧૦માં માસ પ્રમોશન પછી ધો.૧૧માં પ્રવેશ માટે અંધાધૂંધી સર્જાઈ શકે છે. તે ધ્યાને લઈ મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા વર્ગ વધારા માટેની દરખાસ્તો માંગવામાં આવી છે. કોરોનામાં મૃત્યુ પામેલા શિક્ષકોની વિગતો એકત્ર કરવા તમામ જિલ્લાના શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે. તા.૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે પરંતુ વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવા બાબતે અવઢવ ચાલી રહી છે જેથી લાગે છે કે ઓનલાઈન શિક્ષણના સહારે જ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

કોરોનાના કારણે માત્ર ધંધા-રોજગારને જ અસર થઈ છે તેવું નથી શિક્ષણ ક્ષેત્રે સૌથી માઠી અસર વર્તાઈ રહી છે. જ્યારે સ્વનિર્ભર શાળા સંચાલકો ફી ન આવતાં દેવાદાર બની ગયા છે. કડવી વાસ્તવિક્તા છે પરંતુ સ્વીકારવી અઘરી છે. રાજ્યમાં ક્રમશઃ કોરોનાનું સંક્રમણ ઘટતું હોવાના સરકાર અને આરોગ્ય વિભાગે દાવો કર્યો છે. જો સંક્રમણ ખરેખર ઘટ્યું હોય તો રાજ્ય માટે સારા સમાચાર છે. સંપૂર્ણ સંક્રમણ નાબૂદ થઈ જાય તો તમામ ધંધા-રોજગારને ફાયદો અને ખાસ કરીને શિક્ષણક્ષેત્રે થયેલી ગંભીર અસરોમાંથી વહેલી તકે બહાર આવી શકાય. કોરોનાના કારણે ઉનાળુ વેકેશન જાહેર કર્યા પછી હવે જૂન મહિનામાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જૂનના પ્રથમ સપ્તાહમાં નવા શૈક્ષણિક સત્રનો તા.૭ જૂનથી પ્રારંભ થશે. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં વિદ્યાર્થીઓની પ્રત્યેક્ષ હાજરી માટે સંમતિ અપાશે..?? કે પછી ઓનલાઈન અને હોમ લર્નિંગ શિક્ષણ કાર્યથી નવા સત્રનો પ્રારંભ થશે. સમયસર શૈક્ષણિક સત્ર શરૂ થાય તે માટે પાઠ્યપુસ્તકો પણ નિયત સ્થળે પહોંચાડી દેવામાં આવ્યા છે. જ્યારે ધો.૧૦ના તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી ઉપલા વર્ગમાં બઢાવો કરાતાં સ્વાભાવિક છે કે ધો.૧૧માં પ્રવેશ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે છે જેથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે ઉદ્‌ભવનારા પ્રશ્નો બાબતે બોર્ડે ચિંતા કરી ક્રમિક વર્ગ, સળંગ એકમ અને વધારાના વર્ગ શરૂ કરવા માટે જાહેરાત કરી દીધી છે. પરંતુ ખાસ કરીને ખાનગી શાળા સંચાલકો માટે વાલીઓ પાસેથી ફી વસુલવાનો મોટો પ્રશ્ન જડબુ ફાડીને બેઠો છે.

# હાશ રાહત : જિલ્લામાં આજથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ

### તોલાટ દ્વારા ખેડૂતો પાસેથી પૈસા ખંખેરવાની ફરિયાદ અદ્ધરતાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોનાના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી ઘોંચમાં પડી હતી દીધા છે. આ વર્ષે ઘઉંનું બમ્પર વાવેતર અને સારૂ ઉત્પાદન થયું. ખેડૂતોને ઘઉંના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રજીસ્ટ્રેશન સાથે સ્થળે ખસેડ્યો હતો છતાં કેટલાક ખેડૂતોનો તૈયાર પાક ભીંજાઈ ગયા હતા. બાયડ, ધનસુરા, મોડાસા, તલોદના અનેક ખેડૂતોએ સરકાર



છેવટે ખેડૂતોની લાગણીને સમજી રાજ્યના અન્ન અને પુરવઠા નિગમ દ્વારા આજે સોમવારથી નિયત કરાયેલા કેન્દ્રો ઉપર ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ થશે. અગાઉ અરવલ્લી જિલ્લાના કેટલાક ખરીદી કેન્દ્રો ઉપર તોલાટ દ્વારા ગુણી દીઠ ૨ રૂા. ખેડૂતો પાસે ખંખેરતા હોવાની ફરિયાદમાં તપાસના આદેશ અપાયા હતા પરંતુ તેમાં શું વિગતો બહાર આવી તે હજુ પણ અદ્ધરતાલ છે.

કોરોનાએ ખેતી કરતા ખેડૂતોને પણ પાયમાલ બનાવી ટેકાના ભાવે ઘઉંની ખરીદી માટે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૨ કેન્દ્રો ઉપર ખરીદી શરૂ કરવામાં આવી હતી પરંતુ એકાએક કોરોના વકરતાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી અનિશ્ચિત મુદત સુધી બંધ કરાતાં ખેડૂતોની હાલત કફોડી બની ગઈ. સામે ચોમાસુ નજીક હતું અને તાઉ-તે વાવાઝોડાના કારણે જિલ્લામાં દોઢ થી પાંચ ઈંચ વરસાદ વરસતાં અનેક ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ. વાવાઝોડાની આગોતરી આગાહીના પગલે ખેડૂતોએ તૈયાર પાક ભીંજાઈ ન જાય તે માટે સુરક્ષિત દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ કરે તેવી માંગ સાથે સરકારમાં રજૂઆત થઈ આખરે રાજ્યના અન્ન અને પુરવઠા નિગમ દ્વારા આજે તા.૨૪ મે. થી ૩૦ જુન સુધી ટેકાના ભાવે રજીસ્ટ્રેશન કરાવ્યું છે તેવા ખેડૂતોના ઘઉંની ખરીદી કરવામાં આવશે. ખરીદી કેન્દ્રો ઉપર આવનારા ખેડૂતોએ કોવિડ-૧૯ ગાઈડલાઈનનો ચૂસ્ત અમલ કરવા પણ સૂચના આપવામાં આવી છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ફરીથી ઘઉંની ખરીદી શરૂ થતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી છે.

## જિલ્લાના દેવમંદિરો, આશ્રય સ્થાનોમાં કોરોનાના કારણે દાનની આવક ઘટી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોનાના કારણે ધંધા-રોજગાર ધરાવતા વેપારીઓ પાયમાલ થયા છે અનેક દેવાદાર બની ગયા છે. ત્યારે જિલ્લાના દેવમંદિરો અને આશ્રય સ્થાનોમાં પણ કોરોનાના કારણે દાનની આવક ઘટી હોવાની વિગતો સામે આવી રહી છે. અનેક દેવમંદિરો અને આશ્રય સ્થાનોમાં કામ કરતા કર્મચારીઓનો નિભાવ ખર્ચ કાઢવો મુશ્કેલ થઈ રહ્યો છે. હવે દોઢ થી બે મહિના કોરોનાનું સંક્રમણ રહે તો આશ્રય સ્થાનોની હાલત વધુ કફોડી બની શકે છે.

જિલ્લામાં ખ્યાતિ પ્રાપ્ત દેવમંદિરોમાં દર પુનમે તેમજ અન્ય દિવસે દર્શનાર્થીઓની મોટી ભીડ ઉમટતી હોય છે. દર્શને આવતા શ્રદ્ધાળુઓ ઈશ્વરની કૃપા મેળવવા માટે યથા યોગ્ય રોકડ રકમ દાન પેટીમાં નાખતા હોય છે તો કેટલાક શ્રદ્ધાળુઓ પોતાના મનની ઈચ્છા પૂરી થઈ હોય તો સોનું, ઝવેરાત, ચાંદી દેવમંદિરમાં અર્પણ કરતા હોય છે પરંતુ કોરોનાના કારણે વારંવાર શામળાજી, ઈટાડી, દિપેશ્વરીધામ, ગાયત્રી શક્તિપીઠ-બાયડ, ગાયત્રી શક્તિપીઠ-શામળાજી, ટોરડા સ્વામિનારાયણ મંદિર, ખેડબ્રહ્મા અંબાજી મંદિર સહિતના દેવમંદિરો બંધ રાખવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત અનેક આશ્રય સ્થાનો પણ બંધ કરી દેવામાં આવ્યા હતા જેથી દાનની આવકમાં છેલ્લા ૩ મહિનાથી ઓટ આવી છે. દાનની આવક ઉપર નભતા મંદિરો અને આશ્રય સ્થાનોને ચલાવવા અઘરા થઈ પડ્યા છે.



### પ્રાંતિજના કમાલપુર ખાતે કાર્યરત પ્રયાસ ગ્રુપ દ્વારા સ્મશાનની સફાઈ કરાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે કાર્યરત પ્રયાસ ગ્રુપ દ્વારા કમાલપુર ખાતે આવેલ સ્મશાનની સફાઈ કરવામા આવી હતી. પ્રાંતિજના કમાલપુર ખાતે કાર્યરત પ્રયાસ ગ્રુપ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામા આવી છે અને અગાઉ ગામ સહિત આજુબાજુમાં સફાઈ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામા આવ્યુ હતું તો પ્રયાસ ગ્રુપ દ્વારા કમાલપુર ખાતે આવેલ સ્મશાનની સફાઈ કરવામા આવી હતી તો પ્રયાસ ગ્રુપ દ્વારા હાલ ચાલી રહેલ કોરોના મહામારીમાં કોરોના દર્દીઓથી નફરત નહી સાવચેતી રાખવા જણાવ્યુ હતુ. તો આજે તે છે કાલે આપણે પણ હોઈ શકીએ કોરોના પોઝેટીવ જેથી આ મહામારી એક બીજાને સાથ આપી સરકારની ગાઈડ લાઈન મુજબ સોશિયલ ડીસટન સહિતના નિયમો માસ્ક ફરજીયાત પહેરવુ જોઈએ તો પ્રયાસ ગ્રુપની સ્વચ્છતા અભિયાનની કામગીરીને પણ ગ્રામજનો સહિત સમાજના લોકોએ બિરદાવી હતી.

# ધનસુરાના ભેંસાવાડા આરોગ્ય કેન્દ્રને ગુજરાતમાં બીજા નંબરનું NQASનું સર્ટીફીકેશન મળ્યું

### તમામ સેવાની ગુણવત્તાની ચકાસણી બાદ અપાય છે આ સર્ટી

ધનસુરાના ભેંસાવાડા આરોગ્ય કેન્દ્રને ગુજરાતમાં બીજા નંબરનું NQASનું સર્ટીફીકેશન મળ્યું છે.

તમામ સેવાની ગુણવત્તાની ચકાસણી બાદ આ સર્ટી અપાય છે પ્રાથમિક કેન્દ્ર ખાતે ગુણવત્તાસભર અને તમામ માપદંડો મુજબ આરોગ્ય ની સેવાઓ મળી રહે અને તેનું નિયમિત એસેસમેન્ટ કરાય છે જેમાં NQASનો સમાવેશ થાય છે આ એસેસમેન્ટ ભારત સરકાર ધ્વારા કરાય છે જેમાં કોઈપણ રાજ્ય ના એસેસર ધ્વારા NQASના માપદંડ મુજબ તમામ સર્વિસ નું ચેક અપ કરાય છે અને ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરાય છે ભેંસાવાડા આરોગ્ય કેન્દ્ર ના મેડિકલ ઓફિસર



મૌલિકભાઈ એ જણાવ્યું હતું કે આ અંતર્ગત તા ૧૬-૦૪-૨૧ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભેંસાવાડાનું NQAS વર્ચુઅલ એસેસમેન્ટ કરાયું હતું તેમાં ભેંસાવાડા કેન્દ્ર ખાતે અપાતી તમામ સેવાઓની ગુણવત્તા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેવાઓની ચકાસણી કરાઈ હતી જેમાં સર્ટીફાઈડ થવા માટે મિનિમમ ૭૦ ટકા જરૂરી હોય છે આ અંતર્ગત તા ૧૬-૦૪-૨૦૨૧ ના રોજ થયેલ એસેસમેન્ટમાં તમામ વિભાગોમાં ૮૮.૮૮ ટકા સાથે ભેંસાવાડા આરોગ્ય કેન્દ્ર ગુજરાત રાજ્યમાં બીજા નંબરે આવતા NQAS સર્ટીફિકેશન મળેલ છે જે ધનસુરા અને અરવલ્લી માટે ગૌરવ ની વાત છે ભેંસાવાડા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર મૌલિકભાઈ તથા મહેશભાઈ અને સમગ્ર PHC સ્ટાફની સુંદર કામગિરી થકી આ સર્ટીફિકેશન મળતા જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલિયા, અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી બી.બી.સાધુ,જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી.શ્રીમાળી, તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામી, આરોગ્યના આશિષભાઈ નાયક સૌએ અભિનંદન આપ્યા હતા.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૭૯૪ કેસ નોંધાયા

### રાજ્યમાં ૨૪ કલાકમાં ૫૩ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૭૦૩૭૬૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં આજે કુલ ૧,૬૮,૨૪૭ લોકોનું રસીકરણ આજે કરવામાં આવ્યું. રાજ્યમાં કોરોનાના કેસ ધીરે ધીરે ઓછા થઈ રહ્યા છે તો સાજા થવાનાં દરમાં પણ સુધારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે ૮૭૩૪ લોકો સાજા થયા હતા. જેના પગલે રિકવરી રેટ વધીને ૮૯.૨૬ પર પહોંચ્યો હતો. જ્યારે રાજ્યમાં ૩૭૯૪ કોરોનાના નવા કેસ નોંધાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૭,૦૩,૭૬૦ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જો રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૭૫૧૩૪ કેસ છે. ૬૫૨ લોકો વેન્ટિલેટર પર છે. ૭૪૪૮૨ સ્ટેબલ છે. આ ઉપરાંત ૭,૦૩,૭૬૦ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. રાજ્યમાં કુલ ૯૫૭૬ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૫૩ લોકોનાં મોત નિપજ્યાં છે. જો કે રસીકરણનાં મોરચે પણ સરકાર સતત લડી રહી છે. રાજ્યનાં કુલ ૧૯૫૭ ફ્રન્ટલાઈન વર્કર્સને રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૩૮૯૦ લોકોને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારે ઉંમરના ૧,૦૭,૬૦૯ લોકોને પ્રથમ અને ૧૫૪૫૬ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો.

# પવનથી ખરી પડેલી કેરી : સાબરકાંઠા, અરવલ્લીમાં તાલાલા પંથકની કેસર કેરીનાં ૨૫ હજાર બોક્સ આવ્યાં

### વેપારીઓ દ્વારા ભાવમાં ઉઘાડી લૂંટ, રકઝક પછી કેરીની પેટી રૂા.૪૦૦ થી ૫૦૦માં વેચાવા લાગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

દરેકનો સમય હોય છે વાવાઝોડું આવ્યું ન હતું ત્યાં સુધી કેસર કેરી ઉંચા ભાવે વેચાતી હતી કહેવું ઉતાવળીયું છે.

ગીર, તાલાલા પંથકમાં વાવાઝોડાના કારણે અનેક કેરીની વાડીઓ તહસ નહસ થઈ ગયા છે.



પરંતુ તા.૧૮ થી ૨૦ દરમ્યાન સૌરાષ્ટ્રમાં ત્રાટકેલા તાઉ-તે વાવાઝોડાના કારણે કેસર કેરીનો પાક ખરી પડ્યો અને તેનાં હજારો બોક્સ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બજારમાં છેલ્લા બે દિવસમાં ઠલવાયાં છે. વેપારીઓ દ્વારા ભાવમાં ઉઘાડી લૂંટ શરૂ થઈ પરંતુ કેટલાક ચકોર ગ્રાહકોએ આતો પવનથી ખરી પડેલી કેરીનો જથ્થો છે તેમ જણાવતાં રકઝક પછી કેસર કેરીની પેટી રૂા.૪૦૦ થી ૫૦૦ના ભાવે વેચાઈ રહી છે.

વાવાઝોડાએ સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં અગણિત નુકસાન કર્યું છે. નુક્સાનીના સર્વે ચાલી રહ્યા છે પરંતુ જે રીતે વાવાઝોડાએ બાગાયતી અને ખેતી પાકનો સોથ વાળી દીધો તેના કારણે સરકારની યોગ્ય સહાય પછી પણ ખેડૂતો બેઠા થઈ શકશે કે કેમ..?? તે આંબાના હજારો વૃક્ષ ઉખડી ગયા છે. તાલાલા સહિત આસપાસના વિસ્તારોમાં પણ હજુ તબાહીના દ્રશ્યો જોવા મળે છે.

ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે ખેડુતોનો અંદાજીત ૫૦ કરોડથી વધુનો કેરીનો પાક ખરી પડ્યો છે. હવે ખરી પડેલી કેરી ખેડૂતો મજબૂરી વશ સસ્તા ભાવે તાલાલા અને જુનાગઢના બજારમાં વેચી રહ્યા છે અને બોક્સ તૈયાર થયા પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પવનથી ખરી પડેલી કેરી વેચાણ માટે આવી છે. વેપારીઓએ સસ્તા ભાવે હોલસેલમાં કેરી ખરીદ્યા પછી અગાઉની જેમ વધુ ભાવ ખંખેરવાના પ્રયાસ કર્યા પરંતુ કેટલાક ચકોર ગ્રાહકોએ પાક નબળો હોવાનું જણાવતાં વેપારીઓ માથું ખંજવાળી લો છેલ્લો માલ છે તેમ કહી સસ્તા ભાવે કેરીની પેટીઓ વેચવા લાગ્યા છે.

# પ્રાંતિજમાં સ્ટ્રીટ લાઈટો સળગવાનો સિલસિલો યથાવત

### હલકી ગુણવત્તાની સ્ટ્રીટ લાઈટો નાખવામા આવતા સળગી રહી છે : પંડયા વાસ પાસે ફરી સ્ટ્રીટ લાઈટ સળગતા રહીશોમા ભય

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્ટ્રીટ લાઈટ સળગવાનો સિલસિલો યથાવત છે ગઈ રાત્રીએ પ્રાંતિજ પંડ્યા વાસ ખાતે ફરી સ્ટ્રીટ લાઈટ સળગવાની ઘટના સામે આવી હતી.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા નાખવામા આવેલ સ્ટ્રીટ લાઈટો સળગવાનો સીલસીલો યથાવત છે ત્યારે ફરી પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તારમા આવેલ પંડ્યા વાસ ખાતે રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટ સળગતા રહીશોમા ભય જોવા મળ્યો હતો. તો હલકી ગુણવંતાવાળી સ્ટ્રીટ લાઈટો નાખવામા આવતા હાલ તો એક પછી એક સ્ટ્રીટ લાઈટો સળગી રહી હોવાનુ સુત્રો દ્વારા જાણવા મલી રહ્યુ છે.



# પ્રાંતિજ પોલીસે ગણતરીના દિવસોમાં જ બે પીપડા ચોરને ઝડપી જેલ ભેગું કર્યા

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ દ્વારા ગણતરીના દિવસોમાં જ બે પીપડા ચોરને ઝડપી પાડી જેલ ભેગુ કર્યા.

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગૂજર દ્વારા જિલ્લામા મિલકત સંબંધી ચોરીના ગુન્ના શોધી કાઢવા સુચના અન્વયે ચોરીના ગુન્હા શોધી કાઢવા પ્રાંતિજ પોલીસ સતત કાર્યરત હોય જે દરમ્યાન પ્રાંતિજના વડવાસા ખાતે આવેલ અલગ ખેતરોમાંથી કુલ-૮ પીપડા (બેરલ) જેની કિંમત-૬૪૦૦ ની ચોરી થઈ હોવાનો ગુન્હો પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે ૧૭-૫-૨૦૨૧ના રોજ નોધાયો હતો. જે બાબતે એસ.એસ.આઈ માનસિંહ મનવંતસિંહને ખાનગી રાહે બાતમી મળેલ કે વડવાસા ગામના ચન્દ્રેશકુમાર કાંયાજી મકવાણા તથા સુરેશસિંહ જાલમજી મકવાણાએ ચોરી કરેલ હોય અને ચોરીનો મુદ્દામાલ વેચવા જવાના છે જેને લઈને પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ સુરેશસિંહ ચકુસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ભવાનસિંહ દ્વારા પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાઘેલાદ્‌ના માર્ગદર્શન હેઠળ બાતમીવાળી જગ્યાએ જતા આરોપી ચંન્દ્રેશકુમાર કાંયાજી મકવાણા તથા સુરેશસિંહ જાલમજી મકવાણા બન્ને રહે. વડવાસા તા.પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠા બન્નેને ચોરી કરેલ પીપડા (બેરલ) કયાંથી લાવેલ છો કડક પુછપરછ કરતા બન્ને ભાગી પડયા હતા અને વડવાસા ગામની સીમમાં આવેલ ખેતરોમાંથી ચોરી કરેલ હોવાનુ કબુલ કરતા પ્રાંતિજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બન્ને આરોપીઓને પકડી પાડી મુદામાલ સાથે પકડી પાડી બન્ને આરોપીઓને જેલની હવા ખાતા કર્યા હતા તો પ્રાંતિજ પોલીસે ગણતરીના દિવસોમાં જ મુદામાલ સાથે બન્ને આરોપીઓને પકડી પાડતા વડવાસાના ખેડુતોમાં પોતાના બેરલ પરત મળતા ખુશી જોવા મળી હતી.